# જિલ્લામાં ૫,૪૧,૫૭૨નું વેક્સિનેશન

**ગ્રામ્યમાં ૩,૩૧,૬૧૯ લોકો તો શહેરમાં ૨,૦૯,૯૫૩ લોકોએ વેક્સિન લીધી છે : ગ્રામ્યમાં ૪૫ થી ૬૦ના વયજૂથમાં વધુ તો શહેરમાં ૧૮ થી ૪૪ વય જૂથમાં લોકોએ વધુ વેક્સિન લીધી છે : વિદેશ જનારાઓ માટે આજે ખાસ વેક્સિનેશન કેમ્પ યોજાશે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશન અભિયાનમાં અત્યાર સુધીમાં ૩,૩૧,૬૧૯ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે શહેરમાં ૨,૦૯,૯૫૩ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આમ શહેર અને જિલ્લામાં થઈ અત્યાર સુધીમાં ૫,૪૧,૫૭૨ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં કોવિશિલ્ડ વેક્સિન લેનારા લોકોની સંખ્યા વધુ છે. મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૩,૦૩,૧૨૮ લોકોએ કોવિશિલ્ડ રસીનો ડોઝ લીધો છે જ્યારે ૨૮,૪૯૧ લોકોએ કોવિક્સીન રસીનો ડોઝ લીધો છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧,૧૪,૬૬૯ લોકો જે ૪૫ થી ૬૦ વયજૂથના છે તેમને રસીકરણ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. જ્યારે ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં ૪૯,૫૮૯ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧,૨૯,૧૫૯ પુરૂષો અને ૧,૧૫,૦૦૨ મહિલાઓને રસીકરણ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨,૦૯,૯૫૩ લોકને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૯૮,૬૫૪ પુરૂષ અને ૭૩,૬૩૫ મહિલાઓનો સમાવેશ થાય છે.

શહેરમાં ૧,૯૫,૯૪૨ લોકોએ કોવિશિલ્ડ વેક્સિન લીધી છે જ્યારે ૧૪,૦૧૧ કોવીક્સીન રસીનો ડોઝ લીધો છે.

શહેરમાં ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં ૧,૧૦,૯૫૬ લોકોએ રસી લઈ લીધી છે. જ્યારે ૬૦ થી ઉપરના ૨૫,૦૮૨ લોકોએ અને ૪૫ થી ૬૦ ના વયજૂથના ૩૬,૨૬૫ લોકોએ રસી લીધી છે.

શહેરમાં આજથી કોવિક્સીન રસીનો બીજો ડોઝ આપવાની કામગીરીનો આરંભ થશે.

દરમ્યાન વિદેશ જવા માગતા લોકો માટે આજથી સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે બપોરથી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. શહેરમાં આ વેક્સિનેશન માટે અત્યાર સુધીમાં ૭૨ લોકોએ મનપાના તંત્રને અરજી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.



સ્માર્ટ સીટીની સોહામણી યોજનાઓ અંતર્ગત કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં હજુ બધુ બમબમ ચાલે છે. કોઈ રોકટોક વિના દબાણો ઉભા થઈ જાય છે. જયારે જાહેર જગ્યાએ પણ બિન્દાસ્ત રીતે આડશો ઉભી કરી દેવામાં આવે છે. શહેરમાં એકબાજુ સ્ટ્રીટ લાઈટના પોલ્સ પણ હવે તો જાહેરખબરનુ માધ્યમ બન્યા છે. ત્યારે નગરના માર્ગો આસપાસ પણ આડેધડ બોર્ડસ અને હોર્ડીંગ્સ લગાવી દેવામાં આવે છે. પુનિતવન થી સચિવાલય તરફ જવાના માર્ગ પર હાલ સાઈડની ફેન્સીંગ પર એ મુજબ મોટુ હોર્ડીંગ્સ ચિપકાવી દેવાયુ છે કે માર્ગ પર જતા વાહનચાલકોને વિઝન પણ મળતુ નથી જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનુ મોટુ બોર્ડ મનસ્વી રીતે ચિપકાવી દેવાયુ છે. જેના લીધે અકસ્માતો થવાની સંભાવના છે.

## ૧૫મા નાણાં પંચની મંજૂરી અને પેમેન્ટના મુદ્દે સરપંચોમાં ઉગ્ર રોષ

ગાંધીનગર, તા. ૯

૧૫મા નાણાંપંચના કામોની વહીવટીય અને તાંત્રિક મંજૂરીમાં અટવાયેલી પંચાયતોને હવે પેમેન્ટને લઈ પણ પ્રશ્નો ઉભા થયા છે અને આથી સરપંચોમાં ઉગ્ર રોષની લાગણી ઉભી થવા પામી છે.

૧૫મા નાણાં પંચના કામો શરૂ કરાવવા માટે પંચાયતોની ચૂંટણી પૂર્વે સરપંચો પર દબાણ ઉભુ કરનાર તંત્ર હવે મંજૂરીમાં અને પેમેન્ટમાં લઈ વાતને અવળે પાટે ચડાવી રહી છે. જિલ્લામાં આવી મંજૂરીઓ આપવામાં પણ તંત્ર દ્વારા હવે ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે.

તમને મંજૂરી મળી જશે; પેમેન્ટ માટે પાનકાર્ડ અને બીલની નકલો આપી દો કહી સરપંચોને હવે વારંવાર કચેરીઓના ધક્કા ખાવા પડી રહ્યા છે. આથી સરપંચોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર



શહેરમાં હજુ વરસાદી દિવસોની શરૂઆત થઈ નથી. પ્રિમોન્સુન એકટીવીટી દરમિયાન અલપ ઝલપ વરસતા વરસાદ વચ્ચે અનેક જગ્યાએ માર્ગો પર ગાબડા પડયા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. એકબાજુ માટીપોલાણ થવાના લીધે કેટલાક ઠેકાણે ફુટપાથ પણ બેસી ગઈ છે. જયારે માર્ગ પાસે પણ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. શહેરના ખ-૧ માર્ગ પર મોટો ભુવો પડયો છે. ત્વરિત સમારકામ હાથ ધરવામાં નહીં આવે તો ગમે ત્યારે અકસ્માત થવાની દહેશત છે.

## શહેરમાં વેપાર-ધંધામાં છુટછાટનો સમય વધારાયો

**નગરના જનજીવનમાં રોનક આવશે : સેકટરોમાં હોટલ રેસ્ટોરન્ટો પણ નિયત બેઠક વ્યવસ્થા વચ્ચે ધમધમશે : મંદિરો પણ દર્શનાર્થીઓની અવરજવર જોવા મળશે**

ગાંધીનગર તા ૯

કોરોનાના કપરા સમયગાળામાં વેપાર ધંધા લાંબા સમયથી ઠપ્પ થઈ ગયા હોય તેવી સ્થિતિ છે. ત્યારે કોરોનાના કેસ ઘટતા સરકાર હવે તબક્કાવાર છુટછાટ આપી રહી છે. જયારે આગામી તા ૧૧ જુન થી હવે સાંજના ૭ વાગ્યા સુધી વેપાર ધંધા ધમધમશે. આ ઉપરાંત હોટલ રેસ્ટોરન્ટ પણ નિયત સંખ્યામાં બેઠક વ્યવસ્થા સાથે ખુલ્લા રાખવા મંજુરી અપાતા નગરના જનજીવનમાં રોનક જોવા મળશે. શહેરના સેકટરોમાં લાંબા સમયથી ભાવિકોની હાજરીના અભાવે મંદિરોમાં પણ સુનકાર પ્રવર્તયો હતો જયારે હવે ધાર્મિક સ્થાનો પર પણ દર્શનાર્થીઓને છુટછાટ આપવામાં આવી છે. છુટછાટ અપાતા વેપારીઓ અને નાગરિકોએ પણ રાહત અનુભવી છે. લાંબા સમયથી સુસ્ત જોવા મળતા જનજીવનમાં પણ રોનક નિખરશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં મહત્વના નિર્ણય લેવાયા છે. તા ૧૧ જુન ૨૦૨૧ સવારે ૬ કલાકથી કેટલાક નિયંત્રણો હળવા કરવામાં આવશે. જેમાં તા ૧૧ થી ૨૬ જુન દરમિયાન હોટલ રેસ્ટોરન્ટમાં સવારે ૯ થી સાંજે ૭ સુધી ૫૦ ટકા ક્ષમતા સાથે બેઠક સાથે ચાલુ રાખી શકાશે. જયારે ટેક અવે સર્વિસનો સમય અત્યાર સુધી રાત્રિના ૯ વાગ્યા સુધીનો હતો જે હવે રાત્રિના ૧૨ વાગ્યા સુધી કરી દેવાયો છે. જયારે તમામ દુકાનો લારી ગલ્લા, શોપિંગ કોમ્પલેક્ષ અને હેર કટીંગ સલુન, વેપાર ધંધા હવે સાંજના ૬ વાગ્યાના બદલે ૭ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે. જેમાં એક કલાકનો સમય વધારી દેવાયો છે. જયારે લાઈબ્રેરી પણ ૫૦ ટકા બેઠક સાથે ખુલ્લી રાખી શકાશે. આ ઉપરાંત બાગ બગીચા પણ સવારે ૬ થી સાંજના ૭ વાગ્યા સુધી ખુલ્લા રાખવા માટે મંજુરી આપવામાં આવી છે. આ ઉપરાંત સામાજિક રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ ૫૦ વ્યકિતઓની હાજરીની મર્યાદામાં થઈ શકશે. જયારે આ દરમિયાન જરૂરી એસ ઓ પી નુ પાલન કરવાનુ રહેશે. જયારે રાજયના ધાર્મિક સ્થળો પણ ખુલ્લા રહેશે જેમાં એક સાથે ૫૦ થી વધુ દર્શનાર્થીઓ એકત્રિત ન થાય તે પણ સુનિશ્ચિત કરવાનુ રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૧૧ નવા કેસ નોંધાયા શહેરમાં ૮ અને ગ્રામ્યમાં ૩ કેસ

**દહેગામમાં બે અને ગાંધીનગરમાં એક કેસ નોંધાયો : સે. ૨ અને ૨૯ માં બે-બે કેસ સહિત કુલ ૮ કેસ નવા નોંધાયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૧૧ કેસ નોંધાયા છે. શહેરમાંથી ૮ નવા કેસ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ નવા કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે કેસ તાલુકામાંથી અને એક કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. આજે નોંધાયેલા ૩ કેસમાં એક મહિલા દર્દી, એક કર્મયોગી અને એક ગૃહીણીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલ કેસમાં એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ તાલુકામાં સરગુડી ગામેથી કર્મયોગી, સાણોદામાંથી ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાણોદાના ખેડૂતને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં ચેખલારાણી ગામેથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં આજે ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે અત્યાર સુધીમાં ૯૪૬૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૬૧ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૭૮૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી કોરોનાના આજે વધુ ૮ કેસ મળી આવ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દી ૨૦ કે તેથી ઓછી વય ધરાવતા મળી આવેલ છે.

શહેરમાં આજે સે. ૨૯ માં અને સે. ૨ માંથી બે-બે કેસ તેમજ સે. ૪, કોબા, પેથાપુર, સરગાસણમાંથી પણ કેસ મળી આવેલ છે.

આજે વધુ ૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૨૮૦ જેટલા એકટીવ દર્દીઓ સારવાર હેઠળ છે.

## ગુજરાતે પરફોર્મન્સ ગ્રેડીંગ ઈન્ડેક્ષ-પી.જી.આઈ.માં A+ ગ્રેડ મેળવ્યો

**મુખ્યમંત્રીશ્રી-શિક્ષણ મંત્રીશ્રીએ શિક્ષણ વિભાગ અને શિક્ષક પરિવારને પાઠવ્યા અભિનંદન**

ગાંધીનગર, તા.૯

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે રાજ્યોની સ્કૂલ શિક્ષણ વ્યવસ્થાના જાહેર કરેલા પરફોર્મન્સ ગ્રેડીંગ ઈન્ડેક્ષ – P.G.I માં ૨૦૧૯-૨૦ના વર્ષ માટે ગુજરાતે A+ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ સફળતા મેળવવા માટે રાજ્યના શિક્ષણ વિભાગને સુદ્રઢ આયોજન અને સમગ્ર શિક્ષક આલમને સફળ અમલીકરણ માટે અભિનંદન પાઠવ્યા છે.

શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ ૭૦ જેટલા પેરામિટર્સના આધારે રાજ્યોનું મૂલ્યાંકન કરીને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય આ પરફોર્મન્સ ગ્રેડીંગ ઈન્ડેક્ષ જાહેર કરતું હોય છે.

ગુજરાતે આ ગ્રેડીંગમાં અધ્યયન નિષ્પતિ અને ગુણવત્તા, પ્રવેશ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને ક્ષમતા સહિતના ઈન્ડીકેટર્સમાં કુલ ૮૮૪ ગુણાંક મેળવીને આ A+ ગ્રેડ મેળવ્યો છે.

## જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પંચાયત અધિનિયમની જોગવાઈઓના લીરેલીરા ઉડ્યા

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈઓને નેવે મુકી ભાજપે આજે પોતે સર્વ સત્તાધીશ હોવાનો દેખાવ કરી માત્ર ગણતરીની મિનિટોમાં જ સામાન્ય સભાની ખાસ બેઠકને આટોપી લેતાં જિલ્લાના રાજકારણમાં ચર્ચાઓને નવો દોર મળ્યો છે.

સોશ્યલ ડિસ્ટન્સીંગના સરકારના આદેશોને ધ્યાને રાખી બેઠક વ્યવસ્થામાં કરાયેલા આમૂલ ફેરફારોને લઈ ભાજપના જ સભ્યોએ વિરોધ સભાના પ્રારંભે કર્યો હતો તો કોંગ્રેસના સભ્યોને પણ બે હરોળમાં બેસાડતા સભ્યોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ વખતે બાંધકામ સમિતિના ચેરમેન કલ્પેશ પટેલે ટોણો મારતાં કહ્યું હતું કે બેસવા માટે ખુરશી તો મળી છે ને..! આ પછી સભાની આક્રોશપૂર્ણ વાતાવરણમાં શરૂઆત થઈ હતી.

કોંગ્રેસના સભ્ય અજીતસિંહ રાઠોડે ગત સભામાં પ્રમુખે આપેલી ખાત્રીનો ઉલ્લેખ કરી કોંગ્રેસ શાસનની છેલ્લી સામાન્ય સભાની કાર્યવાહી નોંધ રજુ કેમ નથી થઈ તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. આ મુદ્દા પર સ્પષ્ટતા કરતાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ કહ્યુ કે બહાલી મળી ગઈ છે એટલે નોંધ રજુ કરવી જરૂરી નથી.

**ભાજપની અણ આવડતનો ફાયદો અધિકારીઓ લઈ રાજ કરી રહ્યા છે ; ભાજપની તાનાશાહી માનસિકતાનું ઉત્તમ ઉદાહરણ આજની બેઠક છે : કોંગ્રેસ ● કોંગ્રેસ પરાજય સહન કરી શકતી નથી એટલે પાણીમાંથી પોરા કાઢે છે : ભાજપ : અજીતસિંહ અને અધિકારીઓ વચ્ચે કાનૂની લડાઈથી હોબાળો**

આ પછી અજીતસિંહ રાઠોડે કહ્યુ કે બહાલી એક મુદ્દો છે પણ સામાન્ય સભાના અવલોકન માટે તેને રજુ કરવી કાયદાકીય જોગવાઈ છે. આ મુદ્દે ભાજપ-કોંગ્રેસના સભ્યો આમને-સામને આવી ગયા હતા.

આ ચર્ચા આગળ વધે તે પૂર્વે જ હોબાળો થતાં અધિકારીઓએ આગળની કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ કોંગ્રેસ તેની માંગણીને લઈ અડગ રહી હતી. અજીતસિંહના સમર્થનમાં વિપક્ષના નેતા રશ્મિનજી ઠાકોર સહિતના સભ્યો ઉભા થઈ ગયા હતા અને વિરોધ કર્યો હતો.

એક તબક્કે કોંગ્રેસ પક્ષે વોકઆઉટ કરવાની ચીમકી પણ આપી હતી, આ પછી મામલો બિચકે નહિ તે માટે ભાજપે કોંગ્રેસના સભ્યોને મનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન ભાજપના ભરતજી ઠાકોર કોંગીના શનાભાઈ પટેલની ખુરશી સુધી ધસી ગયા હતા. કોંગ્રેસી શનાભાઈએ તેમની સાથે ગાળાગાળી કરી હોવાનો આક્ષેપ કર્યો હતો.

આ પછી કોંગ્રેસ વધુ છંછેડાઈ હતી. તેમના સભ્યોએ આક્ષેપ કર્યો કે તમે અમારી વાત સાંભળતા નથી અને અમને તક પણ આપતા નથી આવી તાનાશાહી પંચાયતી રાજમાં હોઈ ના શકે. અજીતસિંહે તેમની જુની માંગણી દોહરાવી અને ન્યાયની વાત રજુ કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ તેમને તેમના સ્થાને બેસી જવા કહેતાં મામલો ઓર બિચક્યો હતો. અજીતસિંહે પણ રોકડુ પરખાવતાં ડી.ડી.ઓ.ને કહી દીધુ હતુ કે તમે સચિવ છો સભાપતિ જ આદેશ આપી શકે એ વાત ના ભુલો...

આ હોબાળાના વાતાવરણ વચ્ચે ભાજપે સામાન્ય સભાના એજન્ડા પુરા થયા અને પ્રમુખસ્થાને ની રજુ કરવાના મુદ્દા હાથ પર લેવામાં કોંગ્રેસે વિરોધ કર્યો હતો. એજન્ડાની નકલો તેમને ગઈકાલે જ મળી હોવાનો આક્ષેપ રશ્મિનજી ઠાકોરે કરી કહ્યુ કે આના કરતાં અમને એજન્ડા આપશો નહિ માત્ર મૌન જ રહેવાનું હોય તો ત્યાં તો પ્રમુખ સહિતના સૌ સભ્યો સભાખંડ છોડી ગયા હતા.

બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં કોંગી નેતા રશ્મિનજી ઠાકોરે જણાવ્યુ હતુ કે સામાજિક ન્યાય સમિતિની રચના ગેરકાયદેસર હોવા સહિતના અમારા મુદ્દા સાંભળવામાં આવ્યા નથી અને પંચાયત અધિનિયમની જોગવાઈના લીરેલીરા ભાજપની તાનાશાહી મનોવૃત્તિના દર્શન આજે સામાન્ય સભામાં થયા છે.

ભાજપના સભ્યોએ પણ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પરાજયને પચાવી શકી નથી એટલે છેલ્લી બન્ને સભામાં તેણે હોબાળો કરી સભા ખોરવવાની કામગીરી કરી છે. આ સભ્યોએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસને વિપક્ષના બેસી સકારાત્મકતા સાથે વાત કરવાનું ફાવતુ જ નથી. અમે વિકાસ માટે કટિબદ્ધ છીએ પણ તેમને પાણીમાંથી પોરા કાઢી અને સભાને ચાલવા દેવી હોતી નથી.

## સેકટરોમાં લાખોના ખર્ચે મુકાયેલા સાઈન બોર્ડસ તુટેલી હાલતમાં

**સેકટરાનો ચિતાર દર્શાવતા સાઇન બોર્ડસથી મુલાકાતીઓ ગોથે ચઢે છે**




ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં આવતા મુલાકાતીઓ યોગ્ય રાહ ચિંધવા માટે નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર સાઈન બોર્ડસ મુકવામાં આવ્યા છે. પરંતુ હાલની સ્થિતિએ કેટલાક ઠેકાણે આ સાઈન બોર્ડસ તુટેલી હાલતમાં છે. જયારે સેકટરોનો ચિતાર દર્શાવતા આ બોર્ડસ વળી જતા મુલાકાતીઓને ઉપયોગી થાય તેમ પણ નથી. સેકટરોમાં સાઈન બોર્ડસ મુકવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. આમછતા સાઈન બોર્ડસની જાળવણીના નામે મીંડુ ચિતરાયેલુ છે.

શહેરમાં આવતા મુલાકાતીઓ રાહ ન ભટકે તે માટે ઠેર ઠેર સાઈન બોર્ડસ લગાવાયા છે. રાહદારીઓ તેમજ મુલાકાતીઓ માટે દીશાસુચક બોર્ડસ મુકવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ હાલ સેકટરોમાં ઘણાં ઠેકાણે સાઈન બોર્ડસ નમી પડેલી હાલતમાં છે. કેટલાક ઠેકાણે તો સેકટરોનો ચિતાર દર્શાવતા બોર્ડસ વચાળેથી તુટેલી અને લટકતી હાલતમાં જોવા મળી રહ્યા છે. શહેરના મુખ્યા માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર નવા સાઈન બોર્ડસ લગાવાયા બાદ છેલ્લા ઘણાં સમયથી તંત્ર દ્વારા આ સાઈનબાર્ડસની જાળવણીના નામે મીંડુ છે. સ્માર્ટ સીટીમાં સેકટરોમાં મુકાયેલા સાઈન બોર્ડસ રાહદારીઓને દીશા ચિંધવાની જગ્યાએ ગોથે ચઢાવે છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ આ પ્રકારના સાઈન બોર્ડસ મુકવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. શહેરના મુખ્યમાર્ગો પર પ્રવેશદ્વાર પાસે ગેન્ટ્રી મુકવામાં આવી છે. જયારે સેકટરોનો ચિતાર દર્શાવતા બોર્ડસ પણ ટુંકા સમયગાળામાં જ બિન ઉપયોગી થઈ ગયા હોવાની સ્થિતિ છે. સેકટરવાસીઓ પણ તુટેલા અને વળેલા સાઈન બોર્ડસની દશા સુધારવા માટે ત્વરિત પગલા લેવાય તેવી માંગણી કરી રહ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com